પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૧ | ૧૦ જુલાઈ, ૨૦૧૮, મંગળવાર; નિજ. જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મુંબઈમાં ચારેકોર પાણી-પાણી

ભારે વરસાદથી પુર જેવી સ્થિતિ : જનજીવન ઠપ્પ : કુર્લા, થાણે, અંધેરી, સાયન, માટુંગા, કલ્યાણમાં પુર જેવી સ્થિતિ : લાઇફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાને માઠી અસર : ભારે અંધાધૂંધી સર્જાઈ : સ્કુલ અને કોલેજોમાં રજા જાહેર : લોકોને ઘરમાં જ રહેવાની સલાહ

મુંબઈ,તા. ૯

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિભારે વરસાદના કારણે જનજીવન સતત ખોરવાઈ ગયું છે. મુંબઈની લાઈફ ભારે વરસાદના કારણે રોકાઈ ગઈ છે. સતત વરસાદના કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. વાહન વ્યવહાર ઠપ થઈ ગયું છે. સ્કુલ અને કોલેજોને બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. લોકલ ટ્રેન સેવા ખોરવાતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મુંબઈ સિઝનના સૌથી ભારે વરસાદથી બેહાલ છે. બે દિવસથી વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. માર્ગોથી લઈને ઓવરબ્રિજ અને કોમ્પ્લેક્ષ સંકુલોમાં પાણી ભરાઈ ગયા છે. રેલવે ટ્રેક ઉપર પણ પાણી ફરી વળ્યા છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાની ગતિ બંધ જેવી થઈ ગઈ છે. મહારાષ્ટ્રના શિક્ષણમંત્રીએ સ્કુલ કોલેજોમાં રજાની જાહેરાત કરી દીધી છે. માર્ગો ઉપર પડેલા ભુવાઓના કારણે મુશ્કેલી સર્જાઈ રહી છે. આ ભુવાઓ જીવલેણ સાબિત થઈ રહ્યા છે. માર્ગ અકસ્માતમાં હાલમાં જ એક બાઈક ઉપર બેઠેલી મહિલાનું મોત થઈ ગયું છે. રસ્તા ઉપર પાણી નજરે પડે છે અને તે જ વખતે વિડિયોમાં બાઈક ઉછળે છે જેમાં

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

મેધા પાટકર વિરૂદ્ધ માનહાની કેસ દાખલ

દિલ્હીની એક કોર્ટે નર્મદા બચાવો આંદોલનની કાર્યકર્તા મેધા પાટકર વિરૂદ્ધ માનહાની કેસ મામલે આરોપ ઘડ્યો છે. તેમની વિરૂદ્ધ ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ વી.કે. સકસેનાએ કેસ નોંધાવ્યો હતો.

ગરીબોનો ઉપચાર વિનામૂલ્યે કરવા સુપ્રિમનો આદેશ

ખાનગી હોસ્પિટલોને ગરીબોનો ઉપચાર વિનામૂલ્યે કરવા સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યો છે. ખાનગી હોસ્પિટલોએ દસ ટકા બેડ ગરીબો માટે આરક્ષિત રાખવા પડશે.

પાક.ના બે ઉપગ્રહો ચીને પ્રક્ષેપિત કર્યા

ચીને પાકિસ્તાનના બે ઉપગ્રહોને અંતરીક્ષમાં મોકલ્યા છે. ચીનના જીઉકન ઉપગ્રહ પ્રક્ષેપણ કેન્દ્રથી બપોરે ૧૧.૫૬ કલાકે પીઆરએસએસ-૧ અને પાક ટીઈએ-૧નુ પ્રક્ષેપણ કરાયુ હતુ.

કુપવાડામાં એક આતંકી ઠાર

જમ્મુ કાશ્મીરના કુપવાડામાં આતંકીઓ સાથે ચાલી રહેલી સેનાની મુઠભેડમાં સેનાએ એક આતંકીને ઠાર કરી દીધો છે. આ એકાઉન્ટર જંગલ વિસ્તારમાં ચાલ્યું હતું જે મોડી રાત્રે શરું થયું હતું. આતંકીઓ સાથે સેનાની મુઠભેડ હજુ પણ ચાલી રહી છે. મોડી રાત્રે શરુ થયેલા એકાઉન્ટર પછી સેનાએ આખા વિસ્તારને ઘેરી લીધો. એક પોલીસ અધિકારી ધ્વારા જણાવવામાં આવ્યું કે આતંકીઓની શોધ માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

નિર્ભયા કેસમાં અપરાધીઓની ફાંસીની સજા અકબંધ

સુપ્રીમ કોર્ટે નરાધમોની રિવ્યુ પિટિશનને પણ ફગાવી દીધી : ફેરવિચારણાનો કોઇ અવકાશ જ નથી : સુપ્રીમ કોર્ટની સ્પષ્ટ વાત : સુપ્રીમના ચુકાદા બાદ અપરાધીઓ પાસે હવે માત્ર બે વિકલ્પો રહી ગયા છે : અહેવાલ

નવીદિલ્હી,તા. ૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ અને મર્ડરના ચર્ચાસ્પદ મામલામાં અપરાધીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યુ પિટિશનને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી અને અપરાધીઓની મૃત્યુદંડની સજા અકબંધ રાખી હતી. આ પહેલા સુપ્રીમ કોર્ટે ચોથી મેના દિવસે અપરાધી પવન, વિનય અને મુકેશની ફેરવિચારણા અરજી ઉપર ચુકાદો અનામત રાખ્યો હતો. ચોથા અપરાધી અક્ષય દ્વારા ફેરવિચારણા અરજી દાખલ કરવામાં આવી ન હતી. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ હવે આ અપરાધીઓ પાસે માત્ર બે વિકલ્પ રહી ગયા છે જે પૈકી એક ક્યુરેટિવ પિટિશન અને બીજી રાષ્ટ્રપતિની પાસે દયાની અરજીનો સમાવેશ થાય છે. સોમવારના દિવસે એટલે કે આજે સુનાવણી વેળા નિર્ભયાના પરિવારના સભ્યો કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રિવ્યુ માટે કોઇપણ ગ્રાઉન્ડ નથી. જે મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે તેમાં કોઇ આધાર દેખાતા નથી. સુપ્રીમ કોર્ટે પિટિશનને ફગાવી દીધી હતી. આ પહેલા સુપ્રીમ કોર્ટે પાંચમી મે ૨૦૧૭ના દિવસે નિર્ભયા કેસમાં ચારેય દોષિતો મુકેશ, અક્ષય, વિનય અને પવનને દિલ્હી હાઈકોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવી હતી તે વખતે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ મામલે રેરેસ્ટ ઓફ રેર છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, પીડિતાએ

● અનુસંધાન પાન-૭ પર

નિર્ભયાના માતા-પિતાએ સુપ્રીમનો આભાર માન્યો

નવીદિલ્હી, તા. ૯

નિર્ભયા કાંડના ચાર અપરાધી પૈકી ત્રણ દોષિતોની ફાંસીની સજાની સામે દાખલ કરવામાં આવેલી રિવ્યુ પિટિશનને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધા બાદ આ ચુકાદાને લઈને નિર્ભયાના માતા-પિતાએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સુનાવણી દરમિયાન નિર્ભયાના માતા અને પિતા બંને કોર્ટ રુમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચુકાદો આવ્યા બાદ આ બંનેએ સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, તેઓ અપરાધીઓને ફાંસીના માંચડા ઉપર જોવા માટે ઈચ્છુક છે. ચુકાદા અંગે સંતોષ વ્યક્ત કરતા નિર્ભયાના પિતા બદ્રીનાથસિંહે સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો હતો.

જાપાનમાં વરસાદથી ભારે તબાહી લાખો લોકોને સુરક્ષિત ખસેડાયા

સતત વરસાદના કારણે જળબંબાકારની સ્થિતી : મોતનો આંકડો ૧૦૦થી વધુ : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : હાલત કફોડી

હિરોશિમા,તા. ૯

જાપાનમાં ભારે વરસાદના કારણે હજુ પણ જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલુ છે. મોટા ભાગના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી છે. બચાવ અને રાહત કામગીરીમાં હેલિકોપ્ટરની સેવા લેવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં મકાનો પણ ડુબી ગયા છે. જાપાન સરકારે કહ્યુ છે કે ભારે વરસાદના કારણે હજુ સુધી ૧૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. વડાપ્રધાન શિન્ઝો આબે દ્વારા કહેવામાં આવ્યુ છે કે ભારે વરસાદ બાદ સમયની સાથે જંગ જારી છે. દરેક પસાર થઈ રહેલી મિનિટોની સાથે સમય વધારે ખરાબ થઈ રહ્યો છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ચીફ સેક્રેટરી યોસિદી સુગાએ સોમવારના દિવસે આજે સવારે કહ્યુ હતુ કે ૮૭ લોકોના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યુ છે. ૧૩ લોકો લાપતા થયેલા છે. રાહત અને બચાવ કામગીરીમાં ૪૦થી વધારે હેલિકોપ્ટર લાગેલા છે. ફસાયેલા લોકોને સુરક્ષિત બચાવી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે. પશ્ચિમી જાપાનમાં સ્થિતી સૌથી વધારે ખરાબ થયેલી છે. કેટલાક ગામ પૂર્ણ રીતે ડુબી ગયા છે. કેટલાક લોકો બચવા માટે છત પર આશ્રય લઈ રહ્યા છે. ભારે વરસાદના કારણે એકાએક પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. ભેખડો ધસી પડવાના બનાવો બની રહ્યા છે. ભારે વરસાદ અને પુરના કારણે આશરે ૨૦ લાખ લોકોને પ્રતિકુળ અસર થઈ રહી છે. સેંકડો લોકો ઘાયલ થયા છે. હિરોશિમા પ્રાંતના અધિકારીએ કહ્યુ હતુ કે અમે ૨ ૩થી કલાક બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે.

સુપ્રિમમાં હવે અદાલતની કાર્યવાહીનું સીધુ પ્રસારણ થશે

મહત્વપૂર્ણ કેસના પ્રસારણના પ્રશ્ને ૨૩ સુધી જવાબ આપવા સરકારને સુપ્રીમનો હુકમ : સૂચિત ગાઇડલાઇન્સને કોર્ટમાં રજૂ કરવા માટે હુકમ કર્યો

નવીદિલ્હી,તા. ૯

મહત્વપૂર્ણ કેસમાં લાઇવ પ્રસારણ ઉપર સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલ કેકે વેણુગોપાલને જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો છે. મહત્વપૂર્ણ કેસોમાં જીવંત પ્રસારણની માંગણી કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટે ૨ ૩મી જુલાઈ સુધી આ મામલામાં વિસ્તારપૂર્વક સૂચિત માર્ગદર્શિકા કોર્ટમાં રજૂ કરવા સુચના આપી દેવામાં આવી છે. એમાં કહેવામાં આવ્યું છે જે કે, જે કેસો રાષ્ટ્રીય મહત્વના અને બંધારણની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે તે કેસોની ઓળખ કરીને આ મામલામાં રેકોર્ડિંગ કરવામાં આવે અને જીવંત પ્રસારણ કરવામાં આવે તેને લઈને જવાબ રજૂ કરવાની જરૂર છે. આ મામલાની સુનાવણી ચીફ જસ્ટિસની બેંચ કરી રહી છે. બેંચે હવે સરકારને જવાબ રજૂ કરવા માટે મહેતલ આપી દીધી છે. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને એસસીના રજિસ્ટ્રાટ, કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

સ્થાનિકો સિવાય તાજમહેલમાં નમાજ અદા નહીં કરી શકે : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૯

દુનિયાના સાત અજાયબીમાં સામેલ તાજમહેલ પર હવે નમાઝ પઢવામાં નહી આવે. સુપ્રીમ કોર્ટે આજે દિશાનિર્દેશ આપતા જણાવ્યુ કે, તાજમહેલ દુનિયાની સાત અજાયબીમાં સામેલ હોવાના કારણે ત્યા નમાઝ પઢવી ન જોઈએ. તાજમહેલન છોડીને અન્ય જગ્યા પર નમાઝ પઢી શકે છે. સ્થાનિક નમાઝીઓએ એક અરજી કરી હતી.

જેમા સ્થાનિક લોકો સાથે બહારના લોકોને પણ નમાઝ પઢવાની મંજૂરી માગવામાં આવી હતી. હાલમાં દર શુક્રવારે તાજમહેલમાં આવેલા મસ્જિદમાં નમાઝ પઢવામાં આવે છે. ગત્ત વર્ષે અનેક વાર તાજમહેલમાં નમાઝ પઢવા પર રોક લગાવવા માગ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયસંવકની ઈતિહાસ વિંગ અખિલ ભારતીય સંકલન સમિતિએ પણ નમાઝ પર રોક લગાવવા માગ કરી હતી.

તમને જણાવી દઈએ કે, સ્થાનિક નમાજીઓએ એક અરજી દાખલ કરી હતી, જેમાં તેમણે માંગણી કરી હતી કે, સ્થાનિક લોકોની સાથે બહારી લોકોને પણ નમાજ પઢવાની ઈજાજત આપવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજમહેલમાં હાલની મસ્જિદમાં દર શુક્રવારે ઝુમ્માની નમાજ પઢવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર

ભાડે/વેચાણથી આપવાના છે.
DOCTOR (Clinic/Hospital)/Insurance Co. લાયક જગ્યા ૧૬૦૦ ફુટ. પહેલો માળ, લીફ્ટ સાથે, Front Entry સે.૬ અપના બજાર પાસે
FACTORY (પ્લોટ ૯૦૦ મિ., ૪૦૦મિ.B-UP (Ready to Move) GIDC, Sec.25
BUNGALOW 330 મિ. 4BHK, Semi.Fur.,for Co. Guest House/Office, Sec.8
SALE FLAT 2 BHK, 105 yd., Swagat Rainforest-4, Sargasan
THE SPACE 93288 01440, 93287 01440

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

તમારી મનપસંદ હ્યુન્ડાઈ કાર આજેજ બુક કરાવો
અને રથયાત્રા ના શુભ દિવસે ડિલીવરી મેળવો.
20 YEARS CELEBRATION OFFERS
Grand i10 Benefit up to ₹80,000* (P) ₹90,000* (D)
Verna Benefit up to ₹20,000* (P/D)
THANK YOU INDIA FOR RANKING HYUNDAI NO. 1 IN CUSTOMER SATISFACTION.
Elite i20 Benefit up to ₹20,000* (P/D)
Xcent Benefit up to ₹90,000* (P/D)
*SPECIAL OFFER : Attractive Exchange Bonus | Exciting Cash Benefit
EON Benefit up to ₹50,000*
i20 Active Benefit up to ₹20,000*
ELANTRA Benefit up to ₹1,07,000* (P) ₹1,13,000* (D)
TUCSON Benefit up to ₹1,20,000* (P) ₹1,32,000* (D)
HYUNDAI Official Partner
FIFA WORLD CUP RUSSIA 2018
Special offer for select corporates, Doctors, CAs and SMEs | XCENT PRIME also available with factory fitted CNG
Hyundai is now available at DGS & D & CSD | For more details, give a missed call on 08040751740
Lowest EMI of ₹1239/ Lac* only for 1st Year
Lowest cost of maintenance
PROMISE APPROVED USED CAR
SMS Hyundai to 56677, for Test Drive
24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645
To know more SMS "Hyundai <space> Win" to 56677
Special offers for rural customers on Eon, i10, Grand (D) and Xcent.
Complete peace of mind with 1309 nationwide service outlets and 1075 sales points across 790 cities.
For any Bulk/corporate inquiry kindly contact at anujsirohi@hmil.net
PUNJAB HYUNDAI - Ph.: 78200 03300
Plot no.1004/A, Sector 28, GIDC, Opp.DSP Office, Gandhinagar
2/5, Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, Kalol. Ph.: 9925 42700
Nr. Atithi Hotal. Opp. Ashirwad Hospital, Dehgam. Ph.: 98250 42175